શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા ગુચ્છ ૨ જું, પુષ્પ ૨

## પ્રાગ્વાટવંશ-વિભૂષણ—

# મંત્રીશ્વર વિમલ શાહ

: લેખક :

“પાર્શ્વ”

કીંમત : ૦-૫૦ પૈસા

## પ્રકાશકીય નિવેદન

અંચલગચ્છ-વાંચનમાળાનાં દ્વિતીય ગુચ્છનું આ **બીજું** પુષ્પ વાંચકો સમક્ષ રજૂ કરતાં ઘણો જ આનંદ, થાય છે. છેલ્લાં ચારેક વર્ષથી આવી વાંચનમાળાનો વિચાર મનમાં ઘુંટાયા કરતો હતો. પ્રકાશનની રૂપરેખા તો નક્કી જ હતી. પરંતુ ગચ્છની અન્ય એક સંસ્થા આવી શ્રેણીનું પ્રકાશન હાથ ધરે છે એવું જાણવા મળતાં અમે અમારો વિચાર મોકુફ રાખેલો. પરંતુ તેનું કશું નક્કર પરિણામ ન આવતાં અંતે અમે જ આ કાર્ય સ્વેચ્છાએ ઉપાડી લીધું.

બાળકો ઇતર વાંચન દ્વારા જ્ઞાન સાથે ગમ્મત માણી શકે, એમની કુતૂહલવૃત્તિ ખીલે, એમના સંસ્કારો ફૂલેફાલે અને તેઓ ધર્મ ભાવનાથી અધિક રંગાય એવો આ વાંચન-માળાનો હેતુ છે. અમારો આશય સફળ થયો છે કે કેમ તેનો નિર્ણય વાંચકો ઉપર જ છોડીએ છીએ.

હાલ પુરતું તો પટ્ટધરો અને શ્રેષ્ઠીવર્યોના જીવનવૃત્તોને આધારિત બાર બાર પુષ્પોના બે ગુચ્છોની જ યોજના છે, જેની નામાવલી છેલ્લા જેકેટમાં દર્શાવી છે. એ ચોવીસે પુસ્તિકાઓના દ્રવ્ય સહાયકો પણ નક્કી થઈ ગયા છે અને જો એવો જ ઉત્સાહ રહેશે તો તીર્થદર્શન, ગ્રન્થપરિચય આદિ વિવિધ વિષયોને આવરી લેતા અન્ય ગુચ્છો પણ કદાચ અસ્તિત્વમાં આવે

આ પુસ્તિકાના પ્રકાશન માટે અમારી સંસ્થાને— શ્રી ડુંગરશી તથા ચાંપશી ધરમશી સીરસીવાલા તરફથી દ્રવ્યસહાય મળી છે તે માટે અમે તેમના ઘણાજ આભારી છીએ

**પાલિતાણા** **કરમશી ખેતશી બોના**

તા. ૨૫-૪-૧૯૭૪.

# પ્રાગ્વાટવંશ–વિભૂષણ
# મંત્રીશ્વર વિમલ શાહ

ગૂર્જરેશ્વર ભીમદેવના દંડનાયક તરીકે અનેક યુદ્ધો લડીને ગુજરાતની સીમા વધારનાર, તેમ જ આબૂ ઉપર કલાત્મક જિનપ્રાસાદ બંધાવીને ગુજરાતની કીર્તિને સંસારભરમાં ફેલાવનાર મંત્રીશ્વર વિમલ શાહને કોણ ભૂલી શકે? જૈન–ઇતિહાસમાં એનાં કાર્યો સુવર્ણાક્ષરે લખાશે. વિમલમંત્રી આમ તો વિદ્યાધરગચ્છનો શ્રાવક હતો. એ ગચ્છ અંચલગચ્છનો પ્રાદુર્ભાવ થતાં, તેમાં ભળીને વલ્લભીશાખા કે વલ્લભીગચ્છ એવા નામે પેટાગચ્છ તરીકે પ્રસિદ્ધ થયો. એટલે અંચલગચ્છીય સાહિત્યમાં તો વિમલમંત્રીને "અંચલગચ્છીય શ્રાવક–શિરોમણિ", "વિમલ વિધિપક્ષમાં સવાયો", "વિધિપક્ષ–શ્રાવક–કુલ–તિલક" વગેરે ઉપમાઓ અપાઈ છે, જે ઉપર્યુક્ત સંદર્ભમાં ઉપયુક્ત ગણાશે.

વિમલમંત્રી વિશે પ્રાચીન રાસાઓ, પ્રબંધો આદિ સાહિત્યમાંથી ઘણું ઘણું જાણી શકાય છે. અંચલગચ્છીય–સાહિત્યમાં પણ એના વિશે પ્રચુર પ્રમાણો ઉપલબ્ધ થાય છે. અલબત્ત, એ બધું અપ્રકટ સ્વરૂપે રહ્યું હોઇને તેની હકીકતો ઉપર ઝાઝો ઉહાપોહ ન થાય એ સ્વાભાવિક છે. અહીં અંચલગચ્છીય સાહિત્યને આધારે વિમલમંત્રીનો પરિચય પ્રસ્તુત છે.

વિમલમંત્રીના પૂર્વજ શ્રેષ્ઠી નરસિંહ વિશે અંચલગચ્છની પટ્ટાવલીમાં આ પ્રમાણે ઉલ્લેખ છે: કાશ્યપગોત્રીય, પ્રાગ્વાટવંશીય તે શેઠ શ્રીમાલનગરમાં વસતો હતો. બાર કરોડ દ્રવ્યનો

તે આસામી હતો. એનું રહેણાંક ગઢની અંદર હતું. પાસે કાલિકાદેવીનું મંદિર હતું. તેનાથી આશાતના થવાથી દેવીએ તેને કોઢિયો કર્યો. પ્રભાવક આચાર્ય ઉદયપ્રભસૂરિએ તેને કોઢ-રહિત કરતાં વિ. સં. ૭૯૫ માં તેણે સૂરિના ઉપદેશથી જૈન-ધર્મ અંગીકાર કર્યો. અંબિકાદેવી તેના કુળદેવી સ્થપાયાં.

નરસિંહને તેની પત્ની નાનલદેથી નીના નામે પુત્ર થયો, જેને શિલા–પ્રશસ્તિઓમાં નિન્નય ઠકુર કહ્યો છે. કર્મયોગે તે નિર્ધન થયો. અંબિકાદેવીએ તેને કહ્યું કે—"ગુજરાતમાં ગાંભૂ ગામમાં વસો, ત્યાં ધન પામશો." એટલે ઉચાળા ભરીને તે ગાંભૂમાં આવ્યો. જમીન ખોદતાં તેને ધનનું નિધાન મળ્યું, અને તે કોટીશ્વર થયો. વિ. સં. ૮૦૨ માં વનરાજ ચાવડાએ પાટણ વસાવી ગુજરાતના રાજ્યની સ્થાપના કરી હતી. તેણે નીનાને પાટણમાં વસવા નિમંત્રણ આપ્યું. રાજાના આગ્રહથી નીના પાટણમાં વસ્યો. તેની કાર્યદક્ષતાથી પ્રભાવિત થઇને વનરાજે તેને દંડનાયક બનાવ્યો. નીનાએ રાજવહીવટ સારી રીતે ચલાવીને નામના કાઢી. વનરાજ તેને પિતા સમાન માનતો અને સન્માન આપતો હતો. નીનાએ વિદ્યાધરગચ્છીય આચાર્ય-ના ઉપદેશથી પાટણમાં શ્રી ઋષભદેવપ્રભુનું દેરાસર બંધાવ્યું. તેના વંશમાં સુવિખ્યાત મંત્રીઓ થયા હોઇને એ વંશને "મંત્રીવંશ" તરીકે ગુજરાતના ઇતિહાસકારો ઓળખાવે છે. મંત્રી કલ્પકે જેમ નંદરાજ્યને મંત્રીવંશ આપ્યો તેમ મંત્રી નીનાએ ગુજરાતને મંત્રીવંશ આપ્યો. આ વંશે ગુજરાતને ગૌરવશાળી બનાવ્યું છે.

મંત્રી નીનાને તેની પત્ની નવરંગદેવીથી પુત્ર લહિર થયો. તે ઘણો પ્રતાપી હતો. વનરાજે તેને દંડનાયક બનાવ્યો. તે હાથીઓની પરીક્ષા કરવામાં નિપુણ હતો. અન્ય પ્રમાણોમાં

એવું વર્ણન મળે છે કે તે ઉત્તમ પ્રકારના ઘોડાઓના બદલામાં શ્રેષ્ઠ હાથીઓ લેવા માટે વિંધ્યાચલ ગયો હતો. હાથીઓ મેળવીને તે પાછો વળતો હતો ત્યારે શત્રુ–રાજાઓએ બધા હાથીઓ પડાવી લેવા તેના પર હુમલો કર્યો. લહિરે વિંધ્યવાસિની દેવીની કૃપાથી શત્રુ–રાજાઓને મારી હઠાવ્યા. અંચલગચ્છીય પટ્ટાવલીમાં એવું જણાવ્યું છે કે લહિર હાથીઓની ખરીદી માટે સિંહલદ્વિપ ગયેલો અને ત્યાંથી સાતસો હાથીઓ ખરીદી લાવ્યો. તેની કામગીરીથી પ્રસન્ન થઇને રાજાએ સાંડથલું (સાંડેર) સહિત ૨૪ ગામો ઈનામમાં આપ્યાં. લહિરે પોતાની માતાના નામથી નારંગપુર શહેર વસાવ્યું અને ત્યાં વલ્લભીશાખાના આચાર્ય ધર્મચંદ્રસૂરિના ઉપદેશથી વિ. સં. ૮૩૬ માં શ્રી પાર્શ્વપ્રભુનું જિનાલય બંધાવ્યું. તેણે વનરાજે આપેલા સાંડેર નગરમાં વિંધ્યવાસિની દેવીનું મંદિર બંધાવ્યું. જે "ધાણુંહાવીદેવી"ના મંદિર તરીકે ઓળખાતું હતું. લહિરને લક્ષ્મી તેમજ સરસ્વતી બેઉ દેવીઓ પ્રસન્ન થયાં હતાં લક્ષ્મીદેવીએ તેને "વિત્તપટ યંત્ર" આપેલું, જે તેણે ટંકશાળમાં સ્થાપેલું. લક્ષ્મીનું રેખાંકન તેણે મુદ્રાઓમાં કરાવ્યું

મંત્રી લહિર પછીની કેટલીક પેઢીઓનાં નામો ખાસ પ્રસિદ્ધ નથી. પ્રાચીન પ્રમાણ–ગ્રન્થોમાં એ નામોનો ખાસ ઉલ્લેખ પણ નથી. "પ્રાગ્વાટવંશની વહી"ના અજ્ઞાત કર્ત્તા લહિરના વંશજોની નોંધ આ પ્રમાણે આપે છે: લહિર ભાર્યા લલિતાદે પુત્રો જિનદાસ અને વીરદાસ. જિનદાસ ભાર્યા જસમાદે પુત્રો ઋષભદાસ, નેમીદાસ અને ધર્મદાસ. ઋષભદાસ ભાર્યા રમાદે પુત્રો સોમચંદ, રાયચંદ અને ગુણવંત. સોમચંદ ભાર્યા શોભાગદે પુત્ર વીરચંદ, ભાર્યા વિમલાદે પુત્રો વર્દ્ધમાન અને વીરજી. વર્દ્ધમાન ભાર્યા સોનાઈ પુત્રો કર્મચંદ, ધર્મચંદ અને હરિચંદ. કર્મચંદ ભાર્યા કર્માદે પુત્ર વીર, જે

મહા પરાક્રમી થયો. મંત્રી લહિરથી મંત્રી વીર સુધીના ઉક્ત નામો શિલા–પ્રશસ્તિઓમાં નથી અપાયાં, એટલે ભટ્ટગ્રન્થનો આધાર જ લેવો પડે છે.

વીરને બે પત્નીઓ હતી. પ્રથમ પત્ની શોભાગિનીથી દશરથ નામે પુત્ર થયો. દ્વિતીય પત્ની વીરમતીથી નેઢ, વિમલ અને ચાહિલ એમ ત્રણ પુત્રો થયા. અંચલગચ્છની પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે એક દિવસે વીરમતીને એવું સ્વપ્ન આવ્યું કે દેવતાઓએ તેણીને કમળ–પુષ્પો આપ્યાં, જે દ્વારા તેણીએ શ્રી વિમલનાથપ્રભુની પૂજા કરી. પ્રભાતે વીરમતીએ સ્વપ્નનો વૃત્તાન્ત કહી સંભળાવતાં સ્વપ્ન–પાઠકે ફળ કહ્યું કે—"કોઈ મુકુટધારી નરેન્દ્ર તમારી કૂખે ઉત્પન્ન થશે, જે જૈનધર્મની દીપ્તિ કરશે." નવ માસ બાદ વીરમતીએ પ્રતાપી પુત્રને જન્મ આપ્યો. સ્વપ્નાનુસાર તેનું વિમલ નામ રાખવામાં આવ્યું.

મંત્રી વીર સોલંકી રાજાઓ મૂળરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ અને દુર્લભરાજના રાજ્યશાસન–કાળ દરમિયાન મહામાત્યપદે રહ્યો. તે બુદ્ધિમાન, ઉદાર અને દાની હતો. "વિમલ પ્રબંધ"માં જણાવ્યું છે કે મંત્રી વીર રાજ્યનો કારભાર છોડી જપ, તપ અને ધર્મધ્યાનમાં વળગ્યો હતો. વાસ્તવમાં તે મંત્રી હોવા છતાં અંતરંગથી વૈરાગી હતો. પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે વિમલ સાતેક વર્ષનો થયો ત્યારે વીરે પોતાનું શેષ આયુ માત્ર છ માસનું જાણીને રાજાની આજ્ઞા મેળવી શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો. ત્યાં ઘણું ધન ખરચી, સંથારા–દીક્ષા લઇને તે કાળધર્મ પામ્યો. તેનો જ્યેષ્ઠ પુત્ર દશરથ સંઘ લઇને ઘેર પાછો ફર્યો.

મંત્રી વીરના દેહાવસાન બાદ ઓરમાન ભાઇઓ વચ્ચે ક્લેશ જાગશે એવી આશંકા રહેતાં વિમલનો મામા તેની બહેન

વીરમતી અને વિમલને સમજાવીને પોતાના વતન વાગડ અંતર્ગત ગેહડી ગામમાં તેમને લઈ ગયો. ત્યાં મામા ખેતી કરે અને વિમલ તેમના ઢોર ચરાવવા સીમમાં જાય. આમ નવ વર્ષો વીતી ગયાં. પટ્ટાવલીમાં વર્ણન છે કે સીમમાં અંબાદેવીનું મંદિર હતું. એક વખતે દેવીએ સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને વિમલની પરીક્ષા કરેલી. વિમલ નિશ્ચલ રહેલો એટલે દેવીએ તેને ધનનું નિધાન દેખાડયું અને બીજાં વરદાનો આ પ્રમાણે આપ્યાં: અદ્દભૂત બાણ–વિદ્યા, અશ્વ–લક્ષણ–જ્ઞાન, નરનારી લક્ષણ–જ્ઞાન, અને અક્ષરલેખનકળા. આ પાંચ વરદાનો ઉપરાંત દેવીએ વિમલને સર્વદા સહાય કરવાનું વચન પણ આપ્યું.

ઘેર આવીને વિમલે માતાને દેવીએ આપેલાં વરદાનોની વાત કરી. દેવીએ સૂચવેલા સ્થળે રાત્રે ગુપ્ત રીતે જઇને ખોદતાં ધનનું નિધાન પ્રાપ્ત થયું. વિમલને અઢળક સંપત્તિ લાધી. સત્તર વર્ષની ઉંમરે વિમલ શ્રીદેવી સાથે પરણ્યો અને પાટણ આવીને રહ્યો. દેવીએ આપેલાં વરદાન પ્રમાણે વિમલ બુદ્ધિશાળી; શૂરવીર અને અમોઘ બાણાવલી થયો. પાંચ ગાઉ સુધી તે ધાર્યું નિશાન તાકી શકતો હતો.

અંચલગચ્છીય પં. વિનીતસાગર કૃત "વિમલ મહેતાનો શલોકો"માં એવું વર્ણન છે કે એક વાર રાજા ભીમદેવ અને તેના દરબારીઓ બાણથી નિશાન તાકવામાં હોડે ચડેલા. બધા દરબારીઓ નિષ્ફળ જતાં ખુદ રાજાએ નિશાન લીધું, પણ તે નિષ્ફળ ગયો, એટલે વિમલે ધારેલું નિશાન તાકી બતાવ્યું. બધા આ જોઇને અચંબો પામ્યા. વિમલની વાહ વાહ થઈ. રાજા ભીમદેવ પણ તેના પર ઘણો પ્રસન્ન થયો અને તેનો પરિચય મેળવ્યો. શલોકામાં ઉલ્લેખ છે કે રાજા ભીમદેવે વિમલને ભાઇ કહીને સંબોધ્યો અને તેને મોટો હોદ્દો આપ્યો. વિમલની

રાજકીય કારકિર્દીનો અહીંથી શુભ પ્રારંભ થયો. પાછળથી દંડનાયક તરીકે વિમલ નિયુક્ત થતાં રાજ્યનો તે સર્વેસર્વા બન્યો અને ગુજરાતના રાજ્યને તેણે બધી રીતે વિકસાવ્યું.

રાજા ભીમદેવ વિમલમંત્રીની કામગીરીથી ઘણો પ્રસન્ન હતો. વિમલમંત્રીએ અનેક યુદ્ધો લડી, વિજયો મેળવી પોતાની રાજકીય કારકિર્દીમાં નવાં નવાં છોગાંઓ ઊમેર્યાં. ગૂર્જર સામ્રાજ્યની હદ તેણે દૂર સુધી વિસ્તારી દીધી.

એ સમયે ચંદ્રાવતીનો રાજા ધંધૂક ગુજરાતનો ખંડિયો રાજા હતો. કિન્તુ સમય આવ્યે ગુજરાતની ધૂંસરી ફગાવી દઈને સ્વતંત્ર રાજા બનવાની તે પેરવી કરી રહ્યો હતો. સમય-સૂચક વિમલ એની મહત્ત્વાકાંક્ષાને પારખી ગયો. રાજા ભીમ-દેવની આજ્ઞા મેળવી તે મોટા સૈન્ય સહિત ચંદ્રાવતી પહોંચી ગયો. ધંધૂક તો વિમલ આવે છે એ સમાચાર સાંભળીને જ ચંદ્રાવતીમાંથી નાસી છૂટયો! તેણે માળવાના રાજા ભોજદેવ પરમારનું શરણું શોધી લીધું. એ સમયે માળવાના રાજાઓ ગૂર્જરેશ્વરોના પ્રતિસ્પર્ધીઓ હતા. ધંધૂક મેવાડના ગિરિદુર્ગમાં છૂપાઈ ગયો. વિમલ ચંદ્રાવતી છોડે કે તુરત જ નગરનો કબજો લેવાનો તેનો ઈરાદો હતો. પરંતુ વિમલ તો ત્યાં જ સ્થિર થઈને રહ્યો. રાજા ભીમદેવે તેને ચંદ્રાવતીનો દંડનાયક પણ બનાવ્યો. વિમલે ચંદ્રાવતીમાં રહીને ધંધૂકને કૂનેહપૂર્વક સમજાવી લીધો અને તેને ગુજરાતનો ખંડિયોરાજા બનાવીને આબૂનું રાજ્ય તેને પાછું સોંપી દીધું. વિમલની મુત્સદ્દીગીરીનો વિજય થયો.

પ્રાચીન પ્રમાણ–ગ્રન્થોમાં ઉલ્લેખ છે કે નાડોલના રાજાએ વિમલને સુવર્ણજડિત સિંહાસન આપ્યું અને યોગિની(દિલ્હી)–પતિએ છત્ર ભેટ કર્યું. વિમલે સિંધમાં દારૂણ યુદ્ધ કરીને નગરઠઠ્ઠાના રાજાને કેદ કરી લીધો. તેણે માળવાના રાજા

સાથેના સંગ્રામમાં પણ વિજય પ્રાપ્ત કર્યો. આમ વિમલનો ભાગ્ય–રવિ મધ્યાહ્નને તપવા લાગ્યો. એક પછી એક વિજયકૂચ ચાલુ જ રહી. એને પડકારનારો કોઈ ન રહ્યો. એની આણ બધાએ સ્વીકારી. વિમલ શાહનું રાજકીય સ્થાન શિખરે પહોંચ્યું.

પછી કોઈ કારણસર વિમલને રાજા ભીમદેવ સાથે અણબનાવ થયો. પ્રાચીન પ્રમાણ–ગ્રન્થોમાં આ સંબંધમાં ખાસ કોઈ કારણ જણાવાયું નથી. ઉક્ત 'વિમલ મહેતાનો શલોકો'માં એવું જણાવ્યું છે કે વિમલની વધતી જતી કીર્તિને જોઈને કેટલાકને ઈર્ષા જાગી. તેમણે રાજાને ચઢાવ્યો કે વિમલ જો વિફર્યો તો આપનું રાજ પણ તે લઈ લેશે. એના જેવા લડવૈયા અને અમોઘ બાણાવલી સામે બાથ ભીડવાની પછી તો કોઈમાં હિમ્મત પણ નહિ હોય. માટે કોઈ ઉપાય વિચારીને તેનું કાસળ કાઢી નાખવું જોઈએ, નહિ તો એ પાછળથી આપના માટે મુશ્કેલીઓ ઊભી કરશે રાજા ભીમ ભોળો હતો. પ્રતિસ્પર્ધીઓની કાન–ભંભેરણીથી તે ભોળવાઈ ગયો. વિમલના વધતા જતા પ્રભાવથી રાજા પણ મુંઝાતો હતો. એક દિવસે વિમલ આવતો હતો એ વખતે તેણે પૂર્વ યોજિત કાવતરા પ્રમાણે ભૂખી વાઘણને તેની સામે છૂટી મૂકી દીધી!! રાજાને એમ હતું કે વાઘણ વિમલને ખાઈ જશે. પરંતુ વિમલ જેવો અટંકી યોદ્ધો વાઘણનો શિકાર બને એ વાત અશક્ય હતી. વિમલે વાઘણને બરાબરનો સ્વાદ ચખાડ્યો! એટલે વાઘણ દરબારીઓ તરફ કૂદી. બધે નાસ–ભાગ મચી ગઈ. ખુદ રાજા પણ જીવ બચાવીને નાઠો! એ પ્રસંગ પછી વિમલે નક્કી કર્યું કે હવે પાટણમાં વધુ વખત રહેવું ઠીક નહીં. પાટણનું પાણી તેણે હરામ કર્યું. ઉચાળા ભરીને તેણે ચંદ્રાવતીનો માર્ગ લીધો વિમલ જેવો મહાચાણક્ય પુરુષ પાટણ

છોડે એ કોઇને ગમ્યું નહિ. સૌએ રાજાને વિનવ્યો પણ ઘટના–ચક્રને કોણ રોકી શકે ?

ઉક્ત શલોકામાં વર્ણન છે કે રાજા સાથેના તેના અણબનાવના ઉગ્ર રાજકીય પ્રત્યાઘાતો પડ્યા. ભીમદેવના વિરોધી સર્વે રાજાઓ વિમલને સાથ આપવા તૈયાર થયા. વિમલને માર્ગમાં તારંગાનો રાજા મહોલ મળ્યો અને તેના પક્ષમાં રહેવા રાજાએ કોલ દીધો. ઈડર, દાંતા, કિશનગઢ, અજમેર વગેરેના રાજાઓ વિમલના પક્ષમાં રહ્યા. ડુંગરશી, કાંનડ વગેરે પણ તેના સહાયકો થયા. સોરઠ, દક્ષિણ ગુજરાત, માલવા, મહારાષ્ટ્ર વગેરેના રાજાઓએ વિમલને સંપૂર્ણ મદદ આપવાની તૈયારી દર્શાવી. આમ ગુજરાતમાં એકાએક રાજકીય પરિવર્તન આવી ગયું. વિમલ રાજા ભીમદેવને નમીને આપે એવી કોઈ શકયતા ન રહી. તેણે ચંદ્રાવતીમાં જઈ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. કેટલાંક પ્રમાણોમાં માત્ર એટલો જ ઉલ્લેખ છે કે વિમલ રાજા ભીમદેવથી રીસાઇને ચંદ્રાવતી ચાલ્યો ગયો અને ભીમદેવના વતીથી તે ચંદ્રાવતીમાં રાજ્ય કરવા લાગ્યો.

"વિમલ મહેતાનો સલોકો"માં ચંદ્રાવતીના રાજા તરીકે વિમલે અનેક યુદ્ધો કરેલાં અને વિજયો મેળવેલાં એ સંબંધમાં વિસ્તરાથી વર્ણન છે. તેમાં ઉલ્લેખ છે કે વિમલે પોતાના પરાક્રમબળે બાર પાદશાહોને જીતીને તેમની પાસેથી બાર છત્રો લઈ લીધાં. વિમલની આણ સ્વીકારીને અનેક રાજાઓ એની સેવામાં ઉપસ્થિત થયેલા. ઉક્ત વહીમાં એવો ઉલ્લેખ પણ છે કે ખુદ રાજા ભીમ પણ વિમલની સેવામાં હાજર થયેલો. પરંતુ વિમલે તેનું માન રાખીને તેને પોતાની સેવામાંથી મુક્તિ આપી. સલોકોમાં બાર પાદશાહોનો ઉલ્લેખ છે, તેઓ આ પ્રમાણે દેશોના રાજવી હતા: મુલતાન, કટક, લાહોર, કંદહાર,

બંગાળ, બલખ, બુખારી, તંબોલ, પઠાણ, ઈસપન અને સુરચંદ. ભીમને વિમલે પાટણનું રાજ્ય આપ્યું એમ પણ તેમાં વર્ણન છે. વિમલે યુદ્ધો કરીને સાતસો ગઢવાળાં ગામો કબજે કરીને પોતાના રાજ્યની હદ ઘણી વધારી દીધી. ઉપર્યુક્ત પ્રમાણોમાં ઘણી અતિશયોક્તિ પણ હશે જ. એટલે એ બધી બાબતો વિશે ઐતિહાસિક પ્રમાણો તપાસીને તેની ચકાસણી કરવી ઘટે છે. અહીં તેનું વિશેષ વિવરણ કરવું અસ્થાને ગણાશે.

વિમલ શાહે પોતાના જીવનનો ઉત્તરાર્ધ ચંદ્રાવતીમાં જ વીતાવ્યો. તેણે પાટણનું પાણી હરામ કર્યું હોઈને ન પીધું એટલે ન જ પીધું. રાજા ભીમદેવ વિમલની ટેક જાણતો હોઈને તેણે પણ વિમલને પાટણ પાછા તેડાવવાનો આગ્રહ છોડી દીધેલો. રાજા ભીમદેવ અને વિમલ પાછળથી ક્યાંયે ઘર્ષણમાં આવ્યા હોય એવું એક પણ પ્રમાણ ઉપલબ્ધ થતું નથી. સૌએ ગઈ ગુજરી ભૂલી જવાનું ઉચિત માની લીધું.

વિમલની પાછલી જિંદગીમાં સંગ્રામમય તબક્કાનો અંત આવી ગયો. હવે તે ધર્મમય જીવન વીતાવતો થયો. એ અરસામાં વિદ્યાધરકુલના, જાલીહરગચ્છીય ધર્મઘોષસૂરિ ચંદ્રાવતીમાં ચાતુર્માસ રહ્યા હતા. વિમલે નિયમિત રીતે ચારે માસ સુધી તેમનો ધર્મોપદેશ સાંભળ્યો. સૂરિના ઉપદેશથી તેને ધર્મ-ધ્યાન તરફ વિશેષ અભિરુચિ પ્રકટી. તેણે યુદ્ધોમાં અનેક માનવોનો સંહાર કર્યો હતો. હવે તેને પોતાનાં કૃત્યો માટે ભારોભાર દુ:ખ થયું. તેને ઘણો પશ્ચાત્તાપ થયો. સૂરિ પાસેથી તેણે પ્રાયશ્ચિત માંગ્યું. ધર્મઘોષસૂરિએ વિમલ શાહને કહ્યું કે—"તમે આબૂતીર્થનો ઉદ્ધાર કરો! તમારામાં એવું સામર્થ્ય છે. તીર્થોદ્ધાર દ્વારા તમારું પ્રાયશ્ચિત પૂરું થશે!"

વિમલ શાહને તથા તેની પત્ની શ્રીદેવીને સૂરિનો ઉપ-

દેશ રુચ્યો. રાજ્યોને જીતી લેવાની મહત્ત્વાકાંક્ષાઓ સેવનારના જીવનમાં હવે નવી મહત્ત્વાકાંક્ષાનો અંકુર ફૂટ્યો! હવે તેને આબૂતીર્થના ઉદ્ધારનાં સ્વપ્નો જ દેખાવાં લાગ્યાં. પ્રાચીન પ્રમાણોમાં ઉલ્લેખ છે કે વિમલ શાહે અને શ્રીદેવીએ અઠ્ઠમ તપની આરાધનાપૂર્વક અંબિકાદેવીની ભક્તિ કરી. દેવી પ્રસન્ન થયાં. પ્રત્યક્ષ થઈને તેમણે વિમલને વરદાન માગવાનું કહ્યું. વિમલે જણાવ્યું કે "એક તો પુત્રની ઈચ્છા છે, અને બીજી ઈચ્છા આબૂ ઉપર જિનપ્રાસાદ બંધાવવાની. આપની ઈચ્છાથી મારી બન્ને આશાઓ પૂર્ણ થાય એવી પ્રાર્થના છે." દેવીએ કહ્યું કે—"બે વરદાનો નહિ મળે. ગમે તે એક વરદાન માગ!" આ સાંભળીને વિમલ શાહ અને શ્રીદેવી ભારે દ્વિધામાં પડ્યાં. કયું વરદાન માંગવું? અંતે લાંબી વિચારણા બાદ તેમણે તીર્થોદ્ધાર કરવાની ઇચ્છા દર્શાવીને દેવી પાસે વરદાન લીધું.

રાસા–સાહિત્યમાં વિશેષમાં વર્ણન છે કે દેવીએ રાજા ભીમદેવને તથા મહામાત્ય નેઢને પણ તત્ક્ષણ પ્રસ્તુત અર્થનો ઉપદેશ આપ્યો. એટલે એ બન્નેએ પણ વિમલ શાહની તીર્થોદ્ધારની ઈચ્છાને અનુમોદન આપ્યું. સમસ્ત જૈનસંઘમાં વિમલ શાહના નિર્ણયથી વિદ્યુત્સંચાર થયો. સૌએ ખુશી વ્યક્ત કરી. પણ આબૂના બ્રાહ્મણોએ તીર્થોદ્ધારનો વિરોધ કર્યો. તેમણે એવી દલીલ રજૂ કરી કે જો તીર્થ જ ન હોય તો ઉદ્ધારની વાત ક્યાં રહી? સૌ મુંઝાયા. વિમલે પુનઃ અંબિકાદેવીનું આરાધન કર્યું. દેવીએ સૂચવ્યું કે ચંપાના ઝાડ નીચે ખોદકામ કરવાથી ત્યાંથી પ્રાચીન પ્રતિમા પ્રકટ થશે બીજે દિવસે નિયત સ્થાને ખોદતાં નંદિવર્દ્ધનના સમયની ભગવાન ઋષભદેવની પ્રાચીન પ્રતિમા નીકળી આવી આ જોઈ બ્રાહ્મણો અચંબો પામ્યા. એમનો વિરોધ શાંત થયો. પણ કોઈ જમીન આપવા તૈયાર ન થયું. વિમલે ધાર્યું હોત તો રાજસત્તાથી જમીન મફતમાં

પડાવી શકત. પણ તે જેવો રાજનીતિજ્ઞ હતો તેવો ધર્મ-નીતિજ્ઞ પણ હતો. ધર્મકાર્યમાં રાજસત્તાનો ઉપયોગ અનુચિત ગણાય એમ સમજીને તેણે બ્રાહ્મણોને જમીનના બદલામાં મોંમાગી રકમ આપવાનું જણાવ્યુ. બ્રાહ્મણોએ જણાવ્યું કે— "તમે જમીન ઉપર સોના-મહોરો પાથરો. જેટલી જમીનમાં સોના-મહોરો પથરાશે તેટલી જમીન તમારી અને સોના-મહોરો અમારી." વિમલે તેમની માગણી મંજૂર રાખી. તેણે વિચાર્યું કે મહોર ગોળ હોય છે તે પાથરતાં વચમાં જગ્યા ખાલી રહેશે. મંદિરના કામમાં એટલી રકમ ઓછી આપવી ન્યાયયુક્ત ન ગણાય. એટલે તેણે ખાસ ચોરસ સોના-મહોરો તૈયાર કરાવી, તે પાથરીને તેના બદલામાં જમીન લીધી. ૧૪૦ ફૂટ લાંબી અને ૯૦ ફૂટ પહોળી જમીનના બદલામાં બ્રાહ્મણોને લાખો રૂપીઆ મળ્યા. વિમલની ન્યાય-વૃત્તિની બધે વાહવાહ થઈ.

જમીન મેળવ્યા પછી વિમલે જિનાલય બંધાવવાની તૈયારી આરંભી. કુશળ શિલ્પીઓ તેડાવવામાં આવ્યા. આરસ મેળવવા ખાસ માણસોને મોકલવામાં આવ્યા. વિમલે બાવન દેવકુલિકાયુક્ત ભવ્ય જિનાલય તૈયાર કરાવ્યું, તથા જૈન શિલ્પ-શાળા બનાવી, જેની છતમાં વિવિધ ભાવોનું શિલ્પા-લેખન કરાવ્યું. આ કાર્યમાં રૂા. ૧૮,૫૩,૦૦,૦૦૦ ખરચ્યા. ત્યાંનો ક્ષેત્રપાલ વાલીનાહ અડચણો ઊભી કરતો હતો વિમલે તેને નૈવેદ્ય ધરાવીને અનુકૂળ કર્યો. જગતનાં ઉત્કૃષ્ટ મંદિરોમાં આજે આ જિનાલયનું સ્થાન છે.

ભગવાન ઋષભદેવની સુવર્ણમિશ્રિત પીત્તળની કલાત્મક પ્રતિમાને તૈયાર કરાવીને તેને મૂળનાયકપદે સ્થાપન કરી. ચંપાના ઝાડ નીચેથી જે પ્રાચીન પ્રતિમા પ્રકટ થઈ હતી તેને ભમતીની ૨૦ મી દેરીમાં સ્થાપી.

વિમલ શાહે પ્રતિષ્ઠા-પ્રસંગે રાજા-મહારાજાઓ, રાણાઓ, મંડલિકો તથા સમસ્ત જૈન-સંઘને આદરભર્યું આમંત્રણ આપ્યું. નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ તથા વિદ્યાધર એમ મુખ્ય ચાર કુલના પ્રધાન આચાર્યોને તેડાવવામાં આવ્યા. વિ. સં. ૧૦૮૮ માં જિનાલયની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા થઈ. શ્રીસંઘમાં જય જયકાર વર્ત્યો.

પ્રાચીન પ્રમાણ-ગ્રન્થોમાં "વિમલવસહિ"ના પ્રતિષ્ઠાપક આચાર્ય સંબંધમાં વિરોધાભાસી ઉલ્લેખો છે. કોઈ પ્રમાણમાં ચારે પ્રધાન ગચ્છોના આચાર્યોએ પ્રતિષ્ઠા કરી એમ કહેવાયું છે, તો કોઈમાં જૂદા જૂદા આચાર્યનું નામ અપાયું છે. ઉદાહરણાર્થે રત્નસિંહસૂરિ, વર્દ્ધમાનસૂરિ, વીરસૂરિ, શીલભદ્રસૂરિ, ધર્મઘોષસૂરિ, સોમપ્રભસૂરિ વગેરે. અંચલગચ્છીય પ્રમાણોમાં પ્રતિષ્ઠાપક આચાર્ય તરીકે સોમપ્રભસૂરિનું નામ છે. ક્યાંક ધર્મઘોષસૂરિ પણ દર્શાવાયા છે. આ બન્ને આચાર્યો વિદ્યાધરકુળના છે. આ કુળે પાછળથી ગચ્છનું નામ ધારણ કર્યું. વિદ્યાધરગચ્છના બે પેટાગચ્છો આ પ્રમાણે થયાઃ (૧) જાલીહરગચ્છ (૨) કાસહ્રદગચ્છ. પાછળથી અંચલગચ્છ, ખરતરગચ્છ અને તપાગચ્છની સ્થાપના થતાં પ્રાચીન કુળો અને ગચ્છો ઉક્ત ત્રણે મુખ્ય ગચ્છોમાં સમાન સામાચારીના ધોરણે વિલીન થતા ગયા. વિદ્યાધરકુલના જાલીહરગચ્છ અને કાસહ્રદગચ્છની સામાચારી અંચલગચ્છને ઘણી મળતી હોઈને તેના આચાર્યો કાળક્રમે તેમાં ભળતા ગયા. એમની સામાચારીમાં વિસંવાદિતા ન લાગે એ દૃષ્ટિએ એમને વલ્લભીશાખામાં મૂકવામાં આવ્યા. નવાગંતુકોની સંખ્યા વધતાં પછી તો અંચલગચ્છના પેટાગચ્છ તરીકે "વલ્લભીગચ્છ" પણ અસ્તિત્ત્વમાં આવ્યો. મૂળ તો એ પેટાગચ્છ વિદ્યાધરકુલના આચાર્યો અને શ્રમણોમાંથી બનેલો. બન્નેનાં નામમાં જે મળતાપણું છે તે પણ સૂચક છે. આ

દૃષ્ટિએ અંચલગચ્છીય પ્રમાણો વિમલને અંચલગચ્છીય શ્રાવક તરીકે ઓળખાવે છે, કેમ કે મૂળ તે વિદ્યાધરગચ્છનો શ્રાવક હતો. આ ગચ્છ પાછળથી અંચલગચ્છના મુખ્ય પ્રવાહમાં વિલીન થઇ ગયો હોઇને પૂર્વ પરંપરાની કે સામાચારીની દૃષ્ટિએ તેને અંચલગચ્છીય શ્રાવક તરીકે ઓળખાવવામાં બાધા રહેતી નથી.

વિદ્યાધરગચ્છના આચાર્યો અંચલગચ્છમાં ભળી ગયા એ વિશે વિદ્વાનોએ ઝાઝો ઉહાપોહ કર્યો ન હોઇને આ સંદર્ભમાં કેટલાંક પ્રમાણો ટાંકવા અહીં પ્રસંગોચિત ગણાશે. અંચલગચ્છની પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે ઝાડાપલ્લીય, અપર નામ જાલીહરગચ્છના જયપ્રભસૂરિએ અંચલગચ્છની સામાચારીનો સ્વીકાર કરતાં અંચલગચ્છના તૃતીય પટ્ટધર ધર્મઘોષસૂરિએ તેમને તેમના શિષ્ય–પરિવાર સહિત વલ્લભીશાખામાં સ્થાપ્યા. વિ. સં. ૧૨૮૦ માં વિદ્યાધર–ગચ્છાધિપતિ સોમપ્રભસૂરિએ સિંહપુરીમાં અંચલગચ્છીય સામાચારીને સ્વીકૃતિ આપતાં તેમનો આજ્ઞાવર્તિ સમગ્ર ગચ્છ અંચલગચ્છીય બની ગયો. અંચલગચ્છાધિપતિ મહેન્દ્રસિંહસૂરિના કાલધર્મ બાદ સોમપ્રભસૂરિના ભત્રિજા અને વલ્લભીશાખાના ગુણપ્રભસૂરિના શિષ્ય સિંહપ્રભસૂરિ અંચલગચ્છના અનુગામી પટ્ટધર બનતાં વલ્લભી શાખાના સ્વતંત્ર અસ્તિત્વનું સમયોચિત વિલીનીકરણ થઈ ગયું.

વિદ્યાધરકુલની બીજી પ્રધાન શાખા કાસહૃદગચ્છ છે. આ ગચ્છમાં પાદલિપ્તસૂરિ જેવા પ્રભાવક આચાર્ય થઈ ગયા છે. તેમની પરંપરામાં થયેલા પુણ્યતિલકસૂરિ પણ પ્રખર વિદ્વાન હતા. અવંતીપુરમાં અંચલગચ્છાધિપતિ મહેન્દ્રસિંહસૂરિ સાથે તેમણે વાદ કર્યો હતો. પ્રાચીન પ્રમાણોમાં ઉલ્લેખ છે કે મહે-

ન્દ્રસિંહસૂરિએ વિદ્યામદથી વાદ કરવા આવેલા પુણ્યતિલકસૂરિને કહ્યું કે—"વૃથા વાદનું પ્રયોજન શું ?" જવાબમાં પુણ્યતિલકસૂરિએ જણાવ્યું કે—"વૃથા શા માટે ? જે જય પામે તે અન્યને પોતાનો શિષ્ય કરે." મહેન્દ્રસિંહસૂરિએ તેમની શરત મંજૂર રાખી. અને વાદનો પ્રારંભ થયો. 'સરસ્વતી લબ્ધપ્રસાદ' એવા આચાર્ય મહેન્દ્રસિંહસૂરિએ પુણ્યતિલકસૂરિને મુહૂર્તમાં જ જીતી લીધા. આથી પુણ્યતિલકસૂરિ પોતાને ધન્ય માનવા લાગ્યા. તેઓ મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય બન્યા. ગુરુએ તેમની મહત્તાના રક્ષણાર્થે તેમને શાખાચાર્યપદે સ્થાપ્યા. વળી તેમના પૂર્વાચાર્ય પાદલિપ્તસૂરિ કૃત "વીર જિન સ્તોત્ર"ને "સપ્રભાવ" અને "બહુ યોગ–સિદ્ધ–સંપન્ન" જોઇને અંચલગચ્છીય પ્રતિક્રમણમાં કહેવાતા સ્મરણ–મહાસ્તોત્રોમાં તૃતીય મહાસ્તોત્ર તરીકે તેને સ્થાન આપ્યું. આ મહાસ્તોત્રનું મહત્ત્વ ઉપસર્ગહર સ્તોત્ર જેવું જ હોઇને અંચલગચ્છમાં નવોદિત શિષ્યને દીક્ષા આપ્યા બાદ સૌ પ્રથમ પ્રસ્તુત સ્તોત્રનો પાઠ શીખવવામાં આવે છે. ટૂંકમાં વિદ્યાધરગચ્છીય આચાર્યોએ અંચલગચ્છના સંવિધાન અને સંગઠનમાં કેટલું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે તેનો આવા પ્રસંગો દ્વારા ખ્યાલ મળી શકશે.

વિદ્યાધરકુલના જાલીહર તથા કાસહ્રદ એ બન્ને પ્રમુખ ગચ્છોનું અંચલગચ્છમાં ઉપર જણાવ્યું છે તેમ વિલીનીકરણ થતાં, ચાર પ્રાચીન મુખ્ય કુળોમાંના એક કુળનો યથોચિત અંત આવી ગયો. આજે તો ઉક્ત ચાર કુળ પૈકીના ચંદ્રકુળની પરંપરાના શ્રમણો જ વિદ્યમાન છે. અંચલગચ્છ, ખરતરગચ્છ અને તપાગચ્છ ચંદ્રકુળનો જ અન્વય છે. અન્ય બે કુળોના શ્રમણો પણ એ જ રીતે સમાન સામાચારીના ધોરણે વર્તમાન ત્રણે પ્રમુખ ગચ્છોમાં ભળી ગયા. અહીં તેની વિગતવાર ચર્ચા અસ્થાને છે. વિમલ શાહ મૂળ વિદ્યાધરગચ્છનો શ્રાવક

હતો. કિન્તુ તેને પ્રાચીન પ્રમાણ-ગ્રન્થોમાં અંચલગચ્છીય શ્રાવક કહ્યો હોઈને આટલો ખુલાસો અહીં પ્રસંગોચિત ગણાશે.

વિમલ શાહે પોતાની પત્ની શ્રીદેવીના નામથી શ્રીપુર નગર વસાવ્યું જે આજે સરોતરા કહેવાય છે. તેણે શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો, જેમાં તેણે ચાર કરોડ સોના-મહોરો ખરચી. તેણે આબૂ ઉપરાંત શ્રી શત્રુંજય, આરાસણ-કુંભારિયા, પાટણ વગેરે સ્થળોમાં પણ સુંદર મંદિરો બંધાવ્યાં હતાં. આ બધાં મંદિરો "વિમલવસહિ" તરીકે સુપ્રસિદ્ધ છે.

વિમલ શાહ નિઃસંતાન હતો. મહામાત્ય વીરના વંશજો પોતાને વીરવંશના અથવા તો વિમલ-વંશના દર્શાવે છે, એટલે શિલા-પ્રશસ્તિઓમાં આવતો ઉલ્લેખઃ "વિમલાન્વયે" ઉક્ત અર્થમાં સમજવો. પાછળથી આ અન્વયમાં થયેલા વંશજોએ હમીરપુરતીર્થની સ્થાપના કરી તથા વિમલવસહિમાં અનેક પ્રતિષ્ઠાઓ કરાવી.

મહામાત્ય નેઢનો પુત્ર ધવલ રાજા કર્ણદેવનો મહામાત્ય થયો. ધવલનો પુત્ર આનંદ સિદ્ધરાજનો સચિવ હતો. આનંદનો પુત્ર પૃથ્વીપાલ સિદ્ધરાજ તથા કુમારપાલનો મંત્રી હતો. તે ઘણો પ્રતાપી હતો. તેણે પોતાના પૂર્વજોએ બંધાવેલાં જિનાલયોમાં રંગમંડપો કરાવ્યા, સાયણવાદપુરમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું તથા વિ. સં. ૧૨૦૬ માં આબૂ ઉપર વિમલવસહિનો અદ્ભૂત ઉદ્ધાર કરાવ્યો અને તેમાં હસ્તિશાળા બંધાવી, જેમાં પોતાના છ પૂર્વજો સહિત પોતાની સાત ગજારૂઢ મૂર્તિઓ સ્થાપી. પૃથ્વીપાલના પુત્ર મંત્રી ધનપાલે ઉદ્ધારનું અવશિષ્ટ કાર્ય વિ. સં. ૧૨૩૭ માં પૂર્ણ કર્યું અને હસ્તિશાળામાં બીજી ત્રણ ગજારૂઢ મૂર્તિઓ સ્થાપી.

ઉક્ત "પ્રાગ્વાટ વંશની વહી" દ્વારા સૂચિત થાય છે કે

વિમલ શાહ અને રાજા ભીમદેવ વચ્ચે ફરી કદી પણ મેળ થયો નહિ. વિમલ શાહે પોતાનું શેષ જીવન ચંદ્રાવતીમાં જ પૂર્ણ કર્યું. તેણે પાટણનું પાણી હરામ કર્યું હોઇને તે ફરી કદી પણ પાટણ ગયો નહિ. વહીમાં ઉલ્લેખ છે કે રાજા ભીમદેવે પોતાના પુત્ર કર્ણદેવને હિતશિક્ષા આપી હતી કે—"વિમલ જેવા પુણ્ય પુરુષ ચંદ્રાવતીમાં ભલે રાજ કરે. તેના પછીના વારસદારોને તું પાટણમાં તેડાવી લેજે અને તેમને મહામાત્યપદે સ્થાપજે. તેમને વંશ–પરંપરાગત દંડ કે શિક્ષા ન થાય એવું તામ્રપત્ર તું લખી આપજે." રાજા કર્ણદેવે પોતાના પિતાનું વચન પાળી બતાવ્યું. વિમલના દેહાવસાન બાદ એમના એકપછી એક વારસદારોને મહામાત્યપદ મળતું રહ્યું. અહીં એ વિશે જણાવવું પ્રસ્તુત નથી. વિમલ શાહના ઓરમાન ભાઈ દશરથના બે પુત્રો નેઢ અને વેઢ તેના વારસદાર થયા, જે પૈકી નેઢ મંત્રી તરીકે પાટણ ગયો અને વેઢ ચંદ્રાવતીનો રાજકારભાર સંભાળતો રહ્યો. વેઢે આરાસણમાં જિનાલય બંધાવ્યું તથા વિમલવસહિનો ઉદ્ધાર કરી તેમાં કેટલીક મૂર્તિઓ સ્થાપી એમ પણ ઉક્ત વહીમાં ઉલ્લેખ છે. "વિમલ મહેતાનો શલોકો"માં કહેવાયું છે કે છેલ્લી અવસ્થામાં વિમલ શાહે દીક્ષા લીધેલી અને એમને પન્યાસ–પદ પણ પ્રદાન થયેલું.

ગુજરાતની રાજકીય તવારીખમાં વિમલમંત્રીનું નામ કદી ભૂલી શકાય તેમ નથી. વિમલવસહિના નિર્માતા તરીકે તેની કીર્તિ આજે સહસ્રાબ્દી બાદ પણ જીવંત રહી છે. તેણે ગુજરાતને, તેમજ જૈનધર્મને ઘણું ગૌરવ અપાવ્યું છે. "વિમલશ્રી સુપ્રભાતમ્"ની પુણ્ય નામાવલી ઉમેરે એવો વિમલ જેવો પનોતો પુત્ર ગરવી ગુજરાતને મળો એ જ અભ્યર્થના.

# શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા
## ગુચ્છ પહેલું

ક્રમ પુસ્તિકાઓના નામ દ્રવ્ય સહાયક

૧. શ્રી આર્યરક્ષિતસૂરિ—સ્વ. શ્રી મેઘજી માલસી દેંડ સુથરીવાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી વેલબાઇ મેઘજી માલશી દેંડ, કોચીન.

૨. શ્રી જયસિંહસૂરિ—સ્વ. શ્રી કાનજી પીતાંબર નાગડા નલીઆવાલાના સ્મરણાર્થે. શ્રી નારાણજી કાનજી નાગડા. હુબલી.

૩. શ્રી ધર્મઘોષસૂરિ—શ્રી વાસુપૂજ્યજી જૈનપાઠશાળા. અલપઇ.

૪. શ્રી મહેન્દ્રસિંહસૂરિ—સ્વ. અંચલગચ્છ મુનિમંડલ નાયક આચાર્યદેવશ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા.ના સ્મરણાર્થે.

૫. શ્રી મહેન્દ્રપ્રભસૂરિ—શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિધિપક્ષ (અંચલ) ગચ્છ સંઘ, માંડલ.

૬. શ્રી જયશેખરસૂરિ—અંચલગચ્છીય સાધ્વીશ્રી હરખશ્રીજી મ.ના ઉપદેશથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ. મુલુન્ડ.

૭. શ્રી મેરુતુંગસૂરિ—સ્વ શ્રી જાદવજી લખમશી છેડા પત્રીવાલાના સ્મરણાર્થે. શ્રી વીરેન્દ્રકુમાર દામજી જાદવજી. હુબલી.

૮. શ્રી જયકીર્તિસૂરિ—સ્વ. શ્રી પુરબાઇ કુંવરજી જેઠાભાઇ દેંડ. વરાડીઆવાલાના સ્મરણાર્થે શ્રી કુંવરજી જેઠાભાઈ જેવત દેંડ

૯. શ્રી ધર્મમૂર્તિસૂરિ—સ્વ. શ્રી હીરજી હેમરાજ મોમાયા સાંયરાવાલાના સ્મરણાર્થે ગં. સ્વ. કુંવરબાઇ હીરજી હુબલી.

૧૦. શ્રી કલ્યાણસાગરસૂરિ—સ્વ શ્રી સામજી કરમશી મોતાના સ્મરણાર્થે શ્રી નારાણજી સામજી મોતા હુબલી.

૧૧. શ્રી વિદ્યાસાગરસૂરિ—શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ. મુંબઈ-૯.

૧૨. શ્રી ઉદયસાગરસૂરિ—સ્વ શ્રી આણંદજી માલશી દેંડ, સુથરીવાલાના સ્મરણાર્થે શ્રી જવેરીલાલ આણંદજી દેંડ કોચીન.

## શ્રી આર્યરક્ષિત જૈન બાળ વાંચનમાળા

## ગુચ્છ બીજું.

ક્રમ પુસ્તિકાઓના નામ — દ્રવ્ય સહાયક

૧. **શ્રાવક યશોધન**—અ. સૌ. શ્રી માનબાઈ ઉમરશી કાનજી ભેદા, મુંબઇ હા. જવેરીલાલ તથા કમલેશ ઉમરશી ભેદા, મુંબઈ

૨. **મંત્રીશ્વર વિમલ**—સ્વ. માતુશ્રી પુરબાઈ ધરમશી રાજપાલ ડાઘા દલતુંગીવાલાના સ્મરણાર્થે. શ્રી ડુંગરશી તથા ચાંપશી ધરમશી. સીરસી.

૩. **હરિયાશાહ**—સ્વ. શ્રી મૂલબાઈ માલશી ભૂલા દેવપુરવાલાના સ્મરણાર્થે. હા. શ્રી કુંવરજી માલશી હરીઆ. મુંબઇ, ૯.

૪. **મેઘાશાહ**—સ્વ. બાઇ હીરાવંતી મેઘજી કાનજી ભેદાના સ્મરણાર્થે. મુંબઈ.

૫. **કુંવરપાલ-સોનપાલ**—સ્વ. શ્રી મુલજી દેવજી લોડાયા જલગામ-વાલાના સ્મરણાર્થે ગં. સ્વ. શ્રી ભચીબાઇ મુલજી, જલગામ

૬. **રાજશી શાહ**—સ્વ. શ્રી નરશી વેલજી મોમાયા વારાપધરવાલાના સ્મરણાર્થે શ્રી સામજી નરશી, હૈદ્રાબાદ.

૭. **વર્દ્ધમાન-પદ્મસિંહ શાહ**—શ્રી ખીમજી વેલજી છેડા, ગોધરા (કચ્છ)

૮. **સંઘવી લીલાધર પારેખ**—સ્વ. શ્રી ગોવિંદજી વેરસી મૈશરી જખૌવાલાના સ્મરણાર્થે. ગં. સ્વ. શ્રી હીરબાઈ ગોવિંદજી, અમલનેર.

૯. **શેઠ નરશી નાથા**—સ્વ. શ્રી પાસુભાઈ શિવજી લોડાયા નલીઆ-વાલાના સ્મરણાર્થે. ગં. સ્વ ... બાઇ પાસુ ... ર.

૧૦. **શેઠ કેશવજી નાયક**—શેઠ ... કેશવજી નાયક, મુંબઇ.

૧૧. **શેઠ વેલજી માલુ**—સ્વ. શ્રી ... રા-વાલાના સ્મરણાર્થે. ગં. ... ા.

૧૨. **શેઠ ખેતશી ખીંયશી**—સ્વ. ... -વાલાના સ્મરણાર્થે. ગં. ... મ.

સ્વ. શ્રી મુલજી દેવજી લોડાયા જ...
ગં. સ્વ. શ્રી ભચીબાઇ મુલજી, જ...
... નરશી વેલજી મોમાયા વારાપધર...
...મજી નરશી, હૈદ્રાબાદ.
...—શ્રી ખીમજી વેલજી છેડા, ગોધરા
...ખ—સ્વ. શ્રી ગોવિંદજી વેરસી
...ર્થે. ગં. સ્વ. શ્રી હીરબાઈ ગો...